દિવ્ય ભાસ્કર **નવસારી** 14-03-2024

2

# ખેરગામ કોલેજના બે સ્વયંસેવક ઓરીસ્સા રાષ્ટ્રીય એકતા શિબિરમાં ભાગ લેશે

ભાસ્કર ન્યૂઝ | ખેરગામ



એન.એસ.એસ. પ્રાદેશિક નિર્દેશાલય, ભુવનેશ્વર અને યુવા અને રમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા ફકીર મોહન યુનિવર્સિટી, બાલાસોર, ઓરિસ્સામાં 16થી 22 માર્ચ દરમિયાન રાષ્ટ્રીય એકતા શિબિર-2024નું આયોજન કરાયું છે. જેમાં સમગ્ર ભારતમાંથી ગુજરાત, કર્ણાટક, છત્તીસગઢ, તમિલનાડુ, પંજાબ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, આસામ, અરુણાચલ પ્રદેશ, મણીપુર, તેલંગાણા, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, ઝારખંડ, બિહાર, મહારાષ્ટ્ર, કેરળ વગેરે વિવિધ રાજ્યોના 122 એનએસએસના સ્વયંસેવકો ભાગ લેશે. જેમાં સમગ્ર ગુજરાત રાજ્યની વિવિધ યુનિ.માંથી માત્ર ચાર સ્વયંસેવકો અને ચાર સ્વયંસેવિકાઓ મળી 8 સ્વયંસેવકોને કેમ્પ માટે પસંદ કરાયા છે. આ શિબિરમાં ખેરગામની સરકારી કોલેજના બે સ્વયંસેવકો આયુષકુમાર પટેલ અને રુત્વિકાબેન પટેલની પસંદગી થઈ છે. સમગ્ર કોલેજ પરિવાર માટે ગૌરવની બાબત છે. આ સ્વયંસેવકો રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા ઓરિસ્સામાં આયોજિત રાષ્ટ્રીય એકતા શિબિર (NIC)-2024માં ભાગ લઈ સમગ્ર ખેરગામ તાલુકા, નવસારી જિલ્લા, વીએનએસજીયુ યુનિવર્સિટી અને સમગ્ર ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

દિવ્ય ભાસ્કર **વાપી ભાસ્કર** 14-03-2024

# ખેરગામના કોલેજના બે સ્વયંસેવકો ઓરિસા રાષ્ટ્રીય એકતા શિબિરમાં ભાગ લેશે



**ખેરગામ** | એનએસએસ પ્રાદેશિક નિર્દેશાલય, ભુવનેશ્વર અને યુવા અને રમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા ફકીર મોહન યુનિવર્સિટી, બાલાસોર, ઓડીસ્સા ખાતે તા.16 માર્ચ થી તા.22 માર્ચ 2024 દરમિયાન રાષ્ટ્રીય એકતા શિબિર (National Integrational Camp)-2024 નું આયોજન કર્યુ છે. જેમાં સમગ્ર ભારતમાંથી ગુજરાત વગેરે વિવિધ રાજ્યોના કુલ 122 NSS ના સ્વયંસેવકો ભાગ લેશે. જેમાં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી વિવિધ યુનિવર્સિટીઓમાંથી ચાર સ્વયંસેવકો અને ચાર સ્વયંસેવિકાઓ મળી કુલ 8 સ્વયંસેવકોને કેમ્પ માટે પસંદ કર્યા છે. આ શિબિરમાં ખેરગામની સરકારી કોલેજના બે સ્વયંસેવકો આયુષકુમાર સુભાષભાઈ પટેલ અને રૂત્વિકાબેન સુધીરભાઈ પટેલની પસંદગી થઈ છે. NSS વિભાગ દ્વારા ઓડીસ્સા ખાતે આયોજિત રાષ્ટ્રીય એકતા શિબિર (NIC)-2024માં ભાગ લઈ સમગ્ર ખેરગામ તાલુકા, નવસારી જિલ્લા, VNSGU યુનિવર્સિટી અને ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. કોલેજના આચાર્ય ડૉ.એસ.એમ.પટેલ , ડૉ.યોગેશ ટંડેલ,પ્રા.અમિત પટેલ અને પ્રા.મેહુલ પટેલે શુભેચ્છા પાઠવી હતી.

